# IIT-Gn 'ઈગ્નાઈટ'માં ડ્રોન રેસિંગ કોમ્પિટીશન

## ટેકનિકલ સમિટના બીજા દિવસે એક્ઝિબિશન, પરિસંવાદ અને વિવિધ ટેકનિકલ ઈવેન્ટ યોજાઈ

**Drone Racing**

સિટી રિપોર્ટર | અમદાવાદ



આ એક અનોખી રેસ હતી જે રોડ પર નહીં પણ આકાશમાં હતી. સ્પોર્ટ્સ બાઈક જેવો અવાજ કરતા ડ્રોન આકાશમાં દિલધડક કરતબો બતાવીને 80 કિ.મી.ની રફતાર સાથે હવામાં ઉડીને લોકોને આશ્ચર્યમાં મુકી રહ્યાં હતાં. અલગ-અલગ પ્રકારના હર્ડલ્સને ક્રોસ કરીને ડ્રોન ઓપરેટર અન્ય ડ્રોનને પાછળ રાખીને પોઈન્ટ લઈ રહ્યાં હતા. આ વાત છે આઈઆઈટી ગાંધીનગરને એન્યુઅલ ટેકનિકલ સમિટ 'ઈગ્નાઈટ'માં યોજાયેલી ડ્રોન રેસિંગ કોમ્પિટીશનની. જેમાં નાના મોટા આકારના ડ્રોન વચ્ચે 'કાંટે કી ટક્કર' થઈ હતી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) ગાંધીનગર દ્વારા દર વર્ષે એન્યુઅલ ટેક્નિકલ સમિટ 'ઈગ્નાઈટ'નું આયોજન કરવામાં આવે છે. આ બે દિવસીય ટેકનિકલ સમિટના બીજા દિવસે એક્ઝિબિશન, પરિસંવાદ અને વિવિધ ટેકનિકલ અને નોન ટેકનિકલ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આઈઆઈટી ગાંધીનગરની એન્યુઅલ ટેકનિકલ સમિટમાં સૌથી વધારે આકર્ષણનું કેન્દ્ર ડ્રોન રેસિંગ કોમ્પિટીશન હતી. દેશભરમાંથી આવેલા ડ્રોન એક્સપર્ટસ પોતાના રેસિંગ ડ્રોન સાથે કોમ્પિટીશનમાં ઉતર્યા હતા. ડ્રોન રેસિંગ માટે આઈઆઈટી ગાંધીનગર ખાતે ખાસ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યુ હતુ. જેમાં અલગ-અલગ અંતર અને હાઈટ પર હર્ડલ્સ મુકવામાં આવ્યા હતા. ટોપ સ્પીડ સાથે ડ્રોન ઓપરેટરે આ હર્ડલ્સ સૌથી વધારે ક્રોસ કરીને પોઈન્ટ મેળવાના હતા. ભારતમાં ડ્રોન રેસિંગ કોમ્પિટીશન બહુ ઓછા પ્રમાણમાં થાય છે. ગયા વર્ષે ગુજરાતમાં આઈઆઈટી ગાંધીનગરમાં સૌ પ્રથમવાર આ કોમ્પિટીશન યોજાઈ હતા. આ વર્ષે પણ આઈઆઈટીએ આ કોમ્પિટિશિનનો ઈગ્નાઈટમાં સમાવેશ કર્યો છે.

**Title:** Drone racing competition at IIT-GN
**Source:** Divya Bhaskar (City Bhaskar; pg. no. 1)
**Date:** 7-11-2017